જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૪/૨૦૧૭ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૭૪/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૧૨૮ લીટર દેશી દારૂ, ૬૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૩૭ બિયર ટીન, ૩ રિક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૭૫/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૨૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૬૭૬/૧૭

**ક્રાઈમ બ્રાન્ચઃ** ધર્મેન્દ્ર પોપટલાલ રામી (રહે. બંગ્લોઝ, નોબલ સ્કુલની બાજુમાં, કૃષ્ણનગર, નરોડા) એ તા.૩૧/૩/૧૭ નારોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે ડીસેમ્બર ૨૦૧૪ થી તા.૨૯/૦૯/૨૦૧૬ સુધીના સમયગાળા દરમ્યાન મીઠાખળી છ રસ્તા પાસે અશોકા ચેમ્બર્સની સામે, રીલાયન્સ ફ્રેશ ઉપર, સ્ટ્રેટેજીક માર્કેટીંગ પ્રા.લી.” ૧૦૧, ફસ્ટ ફ્લોર, સુકુન આર્કેડ ખાતે આરોપી (૧) પુનિત સેહગલ મેનેજીંગ ડાયરેક્ટર, “સ્ટ્રેટેજીક માર્કેટીંગ પ્રા.લી. કંપની” જેની હેડ ઓફિસ ૬૦, ૬૧, ટોપ ફ્લોર, સેક્ટર-૧૭/એ, ચંદીગઢ (૨) મીનુ સેહગલ (૩) અનંત પંચાલ, બ્રાન્ચ મેનેજર (૪) ચિંતન રમેશચંદ્ર દુધિયા (૫) પ્રિયંકા ચિંતન દુધીયા (૬) ચિરાગ ભુપેન્દ્રભાઈ કોહમારીયા (૭) નેહલ ભુપેન્દ્રભાઈ કોહમારીયા અને (૮) રવિ ભોજાણી એ ભેગા મળી હાજર કર્મચારીઓ કરતાં વધારે કર્મચારીઓની હાજરી રેકર્ડ ઉપર બતાવી ખોટું રેકર્ડ તૈયાર કરી તે આધારે વધારે કર્મચારીઓની હાજરી અને ખોટા કોલ્સ રેકર્ડ ઉભા કરી કોમ્પ્યુટરના ડેટા સાથે ચેડા કરી ખોટા બિલો બનાવી રજુ કરી “સ્ટ્રેટેજીક માર્કેટીંગ પ્રા.લી. કંપની” ના રૂપિયા ૩૫,૦૦,૦૦૦/- મેળવી લઈ છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.આર.ટંડેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ઘરફોડઃ</u>** **<u>સમાચાર યાદી નં.૬૭૭/૧૭</u>**

**ઘાટલોડીયાઃ** કેતુલભાઇ અશોકભાઇ ગોસ્વામી (રહે. લક્ષ્મીનગર સોસાયટી મેઘાણીનગર છેલ્લા બસ સ્ટેન્ડ પાસે મેઘાણીનગર) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૩/૧૭ કલાક ૦૦/૧૫ થી કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન મેમનગર સુભાષચોક રાજ પ્લાઝા કોમ્પલેક્ષમા ગ્રાઉન્ડ ફ્લોર ખાતે "પ્લેનેટ હેલ્થ" GPSAR હેલ્થકેર લીમીટેડના સ્ટોરના વોસ રૂમની બારીની જાળી તોડી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ગોદરેજ કંપનીની સેફ વોલ્ટ તીજોરી કિમત રૂપિયા ૫,૦૦૦/-, ડી.વી.આર રેકોડર કિમત રૂપિયા ૫,૦૦૦/-,સી.પી.યુ. કિમત રૂપિયા ૪,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૮,૨૪૧/- મળી કુલ રૂપિયા ૩૨,૨૪૧/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી એન.એ વાઘેલા ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૬૭૮/૧૭</u>**

**એલીસબ્રીજઃ** ક્લ્પનાબહેન વા/ઓ રમેશભાઇ પટેલ (ઉ.વ.૫૭) (રહે.શ્રીનાથ પાર્ક સોસાયટી માણેકબાગ સોસાયટીની પાછળ પુનીતનગર વિભાગ-૧ સામે સેટેલાઇટ) તા.૩૦/૩/૧૭ કલાક ૬/૦૦ વાગ્યાના સુમારે માણેકબાગ જવાના રસ્તા પર હનુમાનજી મંદીર તથા મહાદેવજીના મંદીર વચ્ચેથી **પસાર થઈ રહ્યા હતા ત્યારે** એક મોટર સાયકલ ઉપર આવેલ (૨૫ થી ૩૦વર્ષના આશરાના) બે પુરૂષો ક્લ્પનાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ક્લ્પનાબહેન પટેલે એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી પી એન ખોખરા ચલાવે છે.

**<u>મોબાઈલ ફોન ઝુટવી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૬૭૯/૧૭</u>**

**માધવપુરાઃ** રામ રામરતન લઠ્ઠા (ઉ.વ.૪૭) (રહે.અનુરાધા એપાર્ટ્મેન્ટ શાહીબાગ અન્ડરબ્રીજ સામે) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૩/૧૭ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે ડોલ્ફીન હેલ્થ ક્લબ કેન્દ્રીય વિધ્યાલય થી બોમ્બે ગેરેજ નજીકથી પોતાનો પુત્ર રચીત (ઉ.વ.૧૪) સ્કુટર પાછળ બેસી પસાર થઈ રહ્યો હતો ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રચીતના હાથમાંથી મોબાઈલ ફોન કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી અજીતસિંહ નારસિંહ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૬૮૦/૧૭</u>**

**ચાંદખેડાઃ** પ્રિયંકાબહેન વા/ઓ રાજુભાઇ વાઘેલા (રહે. સેકટર-૧૩ એ ગાંધીનગર) એ અગમ્ય કારણસર તા.૩૧/૩/૧૭ બપોરના ૩/૦૦ થી ૪/૦૦ વાગ્યા દરમ્યાન ચાંદખેડા વિવેકાનંદનગર ગુજરાત હાઉસીંગ બોર્ડ ખાતે પીયરમાં પિતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનિશ પોલીસ કમિશનર શ્રી "એલ"ડીવીઝન ચલાવે છે.

**શહેરકોટડાઃ** મનીષભાઇ લલ્લુભાઇ પરમાર (ઉ.વ.૪૨) (રહે. અશોકમીલની જુની ચાલી અનિલ સ્ટાર્ચ મીલની સામે શહેરકોટડા) એ બીમારીથી કંટાળી જઈ તા.૩૧/૩/૧૭ સાંજના ૭/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિલીપભાઇ વસંતલાલ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)